આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

અંતે તો દેહની રાખ જ થઇ જવાની છે તો એ દેહ રાખ થાય તે પહેલાં સત્કાર્યોમાં જોડી દેવો એ જ ડહાપણનું કામ છે

- જન કલ્યાણ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૪, મંગળવાર; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● દ્વારિકાધીશ મંદિરમાં મોબાઈલ-કેમેરા લઈ જવા પર મનાઈ**

લાખો ભક્તોની શ્રદ્ધાના સ્થાન સમુ અને ગુજરાતનુ સુપ્રસિદ્ધ દ્વારિકાધીશના મંદિરમાં હવે સુરક્ષાના કારણોસર મોબાઈલ ફોન, ડિઝીટલ કેમેરા વગેરે લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. એટલું જ નહી અહીં મંદિરમાં કોઈ અસામાજિક તત્વો દ્વારા કોઈ અટકચાળો ના થાય તે માટે ભગવાનને ચઢાવવામાં આવતુ શ્રીફળ પણ વ્યુઅર મશીનથી ચેક કરીને જ લઈ જવા દેવામાં આવશે. મંદિરમાં તિક્ષ્ણ હથિયારો કે શારીરિક ઈજા થઈ શકે તેવી વસ્તુઓ લઈ જવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

**● હરિયાણામાં કોંગ્રેસના સૂપડાં સાફ થવાની શક્યતા : સર્વે**

હરિયાણામાં આગામી ઓક્ટોબર માસની મધ્યમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે હાલ રાજ્યમાં યોજાયેલા એક સર્વેમાં ભાજપનું પલ્લુ નમતુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. એબીપી ન્યુઝ-નેલસનના હાથ ધરાયેલા ઓપીનિયન પોલમાં જો હરિયાણામાં હાલ ચૂંટણીઓ યોજાય તો તેમાં કોંગ્રેસના સૂપડાં સાફ થઈ જશે તેવું તારણ નિકળેલ છે. આ સર્વે મુજબ ભાજપ તથા હરિયાણા જનાહિત પાર્ટીના ગઠબંધનને ૯૦માંથી ૫૬ સીટો મળવાની શક્યતા છે.

**● ૩૬ જેટલા નકામા કાયદાઓ રદ કરવા કેન્દ્રનો નિર્ણય**

મોદી સરકાર દ્વારા દેશમાં હાલ ૩૬ જેટલા કાયદાઓ જરીપુરાણ અને નકામા હોવાથી તેને રદ્દ કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આવા કાયદાઓ દેશમાં સુચારૂ અને અસરકારક શાસન વ્યવસ્થામાં અડચણરૂપ બની રહ્યાં છે તેવું તારણ કાઢવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદીએ આ કાયદા દૂર કરવાનું ચૂંટણી પ્રચારમાં વચન આપ્યું હતું તે પૂર્ણ કરવા તરફ તેઓ કદમ ઉઠાવી રહ્યા છે અને તે બાબતે સોમવારે ખરડો રજૂ કરવામાં આવશે. ભારતના લૉ-કમીશને પણ આવા બિનજરૂરી કાયદાઓની યાદી તૈયાર કરી છે.

**● ગીરમાંથી આપેલ સિંહો ઉત્તરપ્રદેશના અભ્યારણ્યમાંથી અદ્દશ્ય**

એશિયાઈ સાવજોની વસતી ધરાવતા એક માત્ર ગુજરાતના ગીર અભ્યારણમાંથી ઉત્તરપ્રદેશના કાશી અભ્યારણમાં મોકલવામાં આવેલા ત્રણ સાવજોનો કોઈ પત્તો નથી. આ અંગે રાજ્યના વન અધિકારીઓ ગલ્લાં તલ્લા કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશના ચંદ્રપ્રભા અભ્યારણ્યમાં પાંચ દાયકા અગાઉ ગીરમાંથી સાવજો મોકલવામાં આવ્યા હતા પરંતુ આ સિંહોનું શું થયું તે અંગે કોઈ જ માહિતી નથી. આ સિંહોનો શિકાર થઈ ગયો અથવા નજીકના બિહારના જંગલોમાં હિજરત કરી ગયા હોય તેવી અટકળો બાંધવામાં આવી રહી છે.

# ગીફ્ટ સિટી વિકસાવવા દુબઈની કંપનીઓ તૈયાર

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના ગિફ્ટ સિટી -ોજેકટમાં સહભાગીતા માટે દુબઈની ઈન્ટરનેશનલ ફાયનાન્સ સેન્ટર અને દુબઈ મલ્ટી કોમોડિટી સેન્ટર જેવી -તિષ્ઠિત કંપનીઓએ ઉત્સુકતા દર્શાવી છે.

નાણાંમંત્રીશ્રી સૌરભભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારના ઉચ્ચ -તિનિધિમંડળની તાજેતરમાં દુબઈની મૂલાકાતની ફલશ્રુતિએ દુબઈ સ્થિત કંપનીઓએ આ ઉત્સુકતા વ્યકત કરી છે.

વૈશ્વિક સ્તરે ફાયનાન્સ હબ તરીકે ખ્યાતિ -ાપ્ત આ કંપનીઓએ ગિફ્ટ સિટી નિર્માણ અને વિકાસમાં સહભાગીદારી માટે ખ્શ કરવા સાથે ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટરના વિકાસમાં પણ ભાગીદારી કરવા રસ દાખવ્યો છે.

નાણામંત્રીશ્રી સાથે આ ઉચ્ચસ્તરીય -તિનિધિમંડળમાં ચેરમેનશ્રી, ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમીટેડ શ્રી સુધીર માંકડ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. હસમુખ અઢીયા, ગુજરાત સરકારના મેનેજિંગ ડિરેક્ટર અને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડ ગ્રુપના સીઈઓ શ્રી રમાકાંત ઝા, વાઈસ -ેસિડેન્ટ-બિઝનેસ ડેવલોપમેન્ટ, ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી કંપની લિમિટેડ, શ્રી દિપેશ શાહ, વગેરેએ દુબઈ સ્થિત ફાઈનાન્સ, મેટ્રો, રોડ ટ્રાન્સપોર્ટ વગેરે જેવા વિભાગોના વડાઓની મુલાકાત લીધી હતી.

ગુજરાત સરકારનો આ અતિ મહત્વનો ગિફટસિટી પ્રોજેકટ એ વડાપ્રધાનનું એક આગવું સ્વપ્ર હતું. આ ગિફટસિટીના બે ટાવરનું ૨૦૧૩ના વાયબ્રન્ટ સમીપ પહેલાં જ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જો કે આ બન્ને ટાવરોમાં હજુ જોઈએ તેટલી નાણાંકીય સંસ્થાઓ આગળ આવી નથી પરંતુ રાજ્યની સાથે દેશના અર્થકારણમાં જે બદલાવ આવ્યો છે તે જોતાં આગામી દિવસોમાં આ પ્રોજેકટસનો વિકાસ વેગીલો બનશે તેમ મનાઈ રહ્યું છે.

ગિફ્ટસીટી પ્રોજેક્ટ માટે ખાસ મેટ્રોનો રૂટ પણ નિયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેનુ અમદાવાદ-હવાઈમથક સાથેનું અંતર ઘટે તે માટે રૂ. ૯૦ કરોડના ખર્ચે સિગ્નેચર બ્રીજનું નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આગામી વાયબ્રન્ટ સમીટમાં ગિફ્ટસિટી માટે કેટલીક મહત્વની જાહેરાતો કરવામાં આવે તેવી શક્યતાઓ પણ સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો દર્શાવી રહ્યા છે.







શ્રાવણીયા સોમવારે મહાઆરતી - સેક્ટર-૨૧ વૈજનાથ મહાદેવ મંદિરે ભક્તિનું ઘોડાપુર આવ્યું... મહાદેવની કૃપા મેળવવા ભાવિકો અનેક પ્રકારે કાલાવાલા કરે છે... શ્રાવણ માસના સોમવારે મહાદેવજીની આસપાસ રંગબેરંગી રંગોળી પુરાય છે... અખંડ ધૂન અને ભજન-કિર્તનની રસલ્હાણ થાય છે... અને સાંજે મહાદેવજીની મહાઆરતીમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટે છે...

(તસવીર : દિપક જાની)

# સરકારના પરિપત્રો છતાં જિલ્લા તંત્રે સોમવારે બેઠક યોજતાં ભારે ચર્ચા

## જિલ્લા કલેક્ટર હવે મુલાકાતીઓને મંગળવાર અને શુક્રવારે જ મુલાકાત આપશે

ગાંધીનગર, તા. ૧૧

સોમવારનો દિવસ પ્રજાનો દિવસ હોવાથી અધિકારીઓને બેઠકો નહિ કરવાનો તેમજ વડામથક પર હાજરી આપવાના સરકારે કરેલા પરિપત્રની અવગણના જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જ થઈ છે.

આજે જિલ્લા કલેક્ટરશ્રીએ સવારથી જ જિલ્લાના મહેસુલી અધિકારીઓ સાથે તેમની માસિક સમીક્ષા બેઠકનું આયોજન કર્યું હતું અને બપોર સુધી બધા જ મહેસુલી અધિકારીઓ મિટીંગમાં વ્યસ્ત રહ્યા હતા.

સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત બનેલા તંત્રમાં પ્રજાભિમુખ વહીવટ ખોરવાયો છે. અધિકારીઓ મિટીંગોમાં વ્યસ્ત રહેતા હોવાને કારણે તેમજ કાર્યક્રમોની વ્યવસ્થામાં અટવાયેલા હોવાથી પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

જિલ્લામાં નવ નિયુક્ત જિલ્લા કલેક્ટરે મંગળવાર અને શુક્રવાર મુલાકાતીઓ માટે નિયત કર્યો છે. જ્યારે રાજ્ય સરકારે મંગળવાર ધારાસભ્યો માટે નિયત કર્યો છે.

નવનિયુક્ત જિલ્લા કલેક્ટરશ્રી

● અનુસંધાન પાન-૭ પર

# શ્રાવણી સોમવારે ભગવાન સોમનાથ મંદિરમાં ભક્તિભાવથી પૂજા-દર્શન કરતાં આનંદીબેન

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે દ્વાદશ જયોર્તિલીગના -થમ જયોર્તિલીગ પવિત્ર યાત્રાધામ સોમનાથમાં યાત્રાળુઓની સુવિધા માટે આધુનિક બસ મથક અને -વાસન આકર્ષણ રૂપ નયનરમ્ય ચોપાટી બનાવવાની નેમ વ્યકત કરી છે.



ગિર સોમનાથ જિલ્લાના સાગરખેડૂ પરિવારોના બાળકોને શિક્ષણ સવલત માટે બોયઝ હાઈસ્કુલ ના નિર્માણ માટે રૂા.૫.૫૦ કરોડની રાજય સરકાર દ્વારા ફાળવણીની જાહેરાત કરી તેમણે હતી.

શ્રીમતી આનંદીબહેન પટેલે શિવભકિત અવસર શ્રાવણ માસના ત્રીજા સોમવારે ભકિતભાવપૂર્વક સોમનાથ મંદિરમાં પૂજન-અર્ચન અને ધ્વજા રોહણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત સોમનાથ યાત્રાધામ -વેશદ્વાર લોકાર્પણ કર્યુ હતું.

નવરચિત ગીર સોમનાથ જિલ્લા માટે ભૂર્ગભ ગટર યોજના, પીવાના પાણીની સહુલિયત તેમજ ગરીબો માટેના આવાસ છત્ર, તાલુકા-જિલ્લા સેવાસદન નિર્માણ સહિત સમગ્રતયા રૂા. ૪૫૦ કરોડના વિકાસ કામોની ભેટ પણ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લાના નાગરિકોને આપી છે.

જિલ્લાની ૧૧૭૬ આંગણવાડીઓના કુપોષિત બાળકો સહિત આંગણવાડીઓના તમામ બાળકો માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા સુખડી વિતરણનો -ારંભ તેમણે કરાવ્યો હતો અને સુખડી વિતરણ વાનને -સ્થાન કરાવ્યું હતું.

શ્રી કેશુભાઈ પટેલે કૂપોષણને રાજયવટો આપવામાં સમાજ સમસ્તનો સહયોગ આવશ્યક ગણાવ્યો હતો અને વિકાસકામોની અનેકવિધ ઉપલબ્ધિથી ગિરસોમનાથ જિલ્લા અને વેરાવળ સોમનાથ તાલુકાને નમૂનેદાર બનાવવા અપિલ કરી હતી. ટ્રસ્ટને રાજય સરકાર દ્વારા મળી રહેલા સહકાર અંગે તેમણે આભાર માન્યો હતો.

-ારંભમાં પૂર્વ મુખ્યસચિવશ્રી અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી -વિણભાઈ લહેરીએ સોમનાથ યાત્રાધામમાં સામાન્ય નાગરિકથી માંડીને સંપન્ન વર્ગના યાત્રાળુ સુધી સૌને સરળતાથી નિવાસ-ભોજન અને દર્શન સુવિધા ટ્રસ્ટ પૂરી પાડે છે તેની ભૂમિકા આપતાં સૌને આવકાર્યા હતા અને આવી સુવિધાઓ માટે યોગદાન આપનારા દાતાઓનો રૂણ સ્વીકાર કર્યો હતો. તેમણે સોમનાથના આધુનિક કાયાકલ્પના -કલ્પોની પણ રૂપરેખા આપી હતી.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૩૦મીએ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૩૦ ઓગસ્ટના રોજ પંચાયતના સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્યસભા માટેની તારીખ નક્કી કરી દેવાઈ છે. આ માટેના એજન્ડાને આગામી એકાદ-બે દિવસમાં આખરી કરી દેવાશે.

પંચાયતના થયેલા સત્તાપલ્ટા પછી મળી રહેલી આ પ્રથમ સામાન્ય સભાને લઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. જો કે કોંગ્રેસ પક્ષે હજુ શુ વ્યુહરચના તૈયાર કરી છે તેને લઈ સસ્પેન્શ પ્રવર્તી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦મી ઓગસ્ટે મળનારી કારોબારી સમિતિની બેઠક બાદ કોંગ્રેસ ધીમીગતિએ પોતાની વ્યુહરચનામાં આગળ વધશે. ૨૦મીએ મળનારી કારોબારી સમિતિની બેઠક પર અત્યારે સૌની નજર મંડાયેલી છે.

અત્યાર સુધી ૧૭ સભ્યો સાથે બહુમતિ ધરાવતી કોંગ્રેસ પક્ષની સ્થિતિ નવા સભ્યોએ કરેલા પક્ષાંતરને કારણે બદલાઈ જવા પામી છે અને ભાજપના ૮ સભ્યો સાથે કોંગ્રેસના નવ સભ્યો ભળતાં આખુ ચિત્ર પલ્ટાયુ છે.

આજની સભ્યોની બેઠકમાં તમામ સભ્યોની આજે એક બેઠક શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે મળી હતી અને દર સોમવારે રાજકીય પરિસ્થિતિ તેમજ વિકાસના કામોને લઈ બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

**બન્ને મુખ્ય પક્ષો સામાન્ય સભાને લઈ વ્યુહરચનાના કાર્ડ છાતી સરખા રાખી રહ્યા હોવાથી રાજકીય ઉત્તેજનાઓ**

બીજી તરફ ભાજપ પણ સામાન્ય સભાને મહત્વની બેઠક ગણી આગળની વ્યુહરચનાને લઈ મૌન છે. જો કે બન્ને પક્ષો તેમના પત્તા છાતી સરખા રાખી રહ્યા છે.

દરમ્યાન ભાજપના ચૂંટાયેલા માત્ર ઔપચારિક વાતો ઉપરાંત મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના કાર્યક્રમો તેમજ ૧૫ ઓગસ્ટની ઉજવણી સહિતના અન્ય કાર્યક્રમો અંગે વાતો થઈ હોવાનું જાણવા મળેલ છે.

## હજુ વધુ ૩ સભ્યો ભાજપમાં જોડાશે ?

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વધુ ૩ સભ્યો ભાજપમાં જોડાઈ રહ્યાની ચર્ચાએ ભારે જોર પકડ્યું છે. જો કે આ વાતને કોઈ સત્તાવાર સમર્થન મળતુ નથી.

પંચાયતના પ્રાંગણમાં થઈ રહેલી ચર્ચાઓ મુજબ આમ તો ૧૨ સભ્યો સાથે શ્રીમતિ હીના પટેલ જોડાવાના હતા પરંતુ તેઓ નવ સભ્યો જ જોડાયા હતા.

૩ સભ્યો માટે હજુ ભાજપમાં જોડાવા ઈચ્છે છે તેઓ તે દિવસે નિર્ણય લેવામાં ઢીલા પડ્યા હતા. હવે તેઓ ભાજપમાં જવા આતુર છે અને આ માટે પ્રદેશ આગેવાનો સાથે વાતચીત ચાલી રહી હોવાનું કહેવાય છે.

જો કે બીજી તરફ કોંગ્રેસ હજુ પણ વિશ્વાસ ધરાવે છે કે ભાજપમાં ગયેલા તેના સભ્યો કોંગ્રેસમાં ચોક્કસ પરત આવશે.

# ગો એરની ફ્લાઈટને પક્ષી અથડાતા પરત ફરવું પડ્યું

**ઇન્ડિગોની ફ્લાઇટને પક્ષી અથડાયા બાદ બીજી ઘટના**

અમદાવાદ,તા. ૧૧

અમદાવાદ વિમાની મથકે વિમાનને પક્ષી અથડાવવાની ઘટનામાં વધારો થયો છે. આજે અમદાવાદ વિમાની મથકે ગો એરની ફ્લાઈટને પક્ષી અથડાવવાનો બનાવ બનતા તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. પક્ષી અથડાયા બાદ આ વિમાનને ફરી સાવચેતીના પગલારુપે ઉતારવામાં આવ્યું હતું. હાલમાં જ ઈન્ડિગોની ફલાઈટને પક્ષી અથડાઈ ગયું હતું. પક્ષી અથડાવવાની આ ૧૪મી ઘટના બની હતી.

પક્ષી અથડાવવાની ઘટનાને રોકવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા છે પરંતુ ઉદાસીનતાના કારણે આવા બનાવ બની રહ્યા છે. ક્રેકર ટીમની રચના પણ કરવામાં આવી ચુકી છે પરંતુ આસપાસના વિસ્તારોમાં માંસ-માછલીની ઘણી દુકાનો આવેલી છે. આસપાસમાં મોટા પ્રમાણમાં કચરાના ઢગ પણ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારના દિવસે મુંબઈ જતી ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા ૯૫ યાત્રીઓનો બચાવ થયો હતો. આના કારણે ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૨૪૪ અમદાવાદ-મુંબઈ ફ્લાઈટને નુકસાન થયું હતું. ૯.૩૦ વાગે આ વિમાને ઉંડાણ ભર્યા બાદ ૯.૪૫ વાગે આ બનાવ બન્યો હતો જેથી વિમાનને પરત ફરવાની ફરજ પડી હતી. આ વિમાનમાં ૯૫ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા અને તેમનો સહેજમાં બચાવ થયો હતો. છેલ્લા બે વર્ષમાં પક્ષી અથડાવવાની ઘટનામાં ઘટાડો થયો હતો પરંતુ મોનસુનની સિઝનમાં વિમાની મથકની આસપાસ પક્ષીઓમાં વધારો થતાં આ બનાવ વધ્યા છે.





